નાયબ નિયામકમાં અગાઉ અપગ્રેડ કરેલ
**મદદનીશ નિયામકની એક જગ્યાને મદદનીશ**
**નિયામકની જગ્યામાં ડાઉનગ્રેડ કરવા બાબત.**

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૩૭૧૨/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩/૦૭/૨૦૨૧

વંચાણે લીધા:-

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ, તા.૦૫/૧૨/૨૦૧૯
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૨૦/૧૭૮૪/બ-૧, તા.૦૭/૦૪/૨૦૨૧

**//ઠરાવ//**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી મદદનીશ નિયામક વર્ગ-૧ની ૦૧ જગ્યાને નાયબ નિયામક વર્ગ-૧માં અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી નાયબ નિયામક (હિસાબ) વર્ગ-૧ની નવી જગ્યા ઉભી કરવામાં આવેલ છે. આથી નાયબ નિયામકમાં અગાઉ અપગ્રેડ કરેલ જગ્યાની જરૂર ન રહેતા મૂળ સંવર્ગ મદદનીશ નિયામક વર્ગ-૧માં ડાઉનગ્રેડ કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતેની નાયબ નિયામક વર્ગ-૧માં અપગ્રેડ કરવામાં આવેલ મદદનીશ નિયામકની એક જગ્યા મદદનીશ નિયામક વર્ગ-૧ (પગાર ધોરણ રૂ.૫૬૧૦૦-૧૭૭૫૦૦ પે-મેટ્રીક્ષ લેવલ-૧૦#)માં ડાઉનગ્રેડ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૫/૧૨/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3) નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4) નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
6) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
7) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8) સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર - વેબસાઈટ પર મુકવા સારૂં.
9) શાખા સિલેક્ટ ફાઈલ.